# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 20-07-2025** **Evening : 7.10 to 7.20 PM**
**Day : Sunday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **કરણ મકવાણા** વાંચે છે.

---

1) કેન્દ્રીય નાગરિક ઉડ્ડયન મંત્રી રામમોહન નાયડુએ , અમદાવાદ વિમાન દુર્ઘટના અંગે AAIBના પ્રારંભિક અહેવાલના આધારેના નિષ્કર્ષને અયોગ્ય ગણાવ્યું

2) કાયદા મંત્રી ઋષિકેશ પટેલે જણાવ્યુ, રાજ્ય સરકાર દરેક તાલુકા મથકે અદ્યતન સુવિધાઓથી સજ્જ અદાલત બનાવવા માટે કટિબદ્ધ

3) તોલમાપ તંત્રએ બે દિવસની વિશેષ ઝુંબેશમાં સમગ્ર રાજ્યના 267 પેટ્રોલ-ડિઝલ પંપ પર દરોડા પાડ્યા

4) રાજ્યના 106 તાલુકામાં આજે વરસાદ-પોરબંદર, જુનાગઢ, દેવભૂમિ દ્વારકા અને જામનગરમાં ભારેથી અતિભારે વરસાદની આગાહી

5) ગુજરાત સ્ટેટ ફૂટબોલ એસોશિએશન દ્વારા અંડર 14 ગર્લ્સ ફૂટબોલ ટૂર્નામેન્ટ મહેસાણાના વડનગર ખાતે આજથી શરૂ થઈ

-------------------------------------

(સમાચારને અંતે)

(આકાશવાણી અમદાવાદ –વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

હવે પછી આપ રાત્રિના 7 વાગીને 50 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો.

# NAIDU-AHMEDABAD PLANE CRASH

કેન્દ્રીય નાગરિક ઉડ્ડયન મંત્રી રામ મોહન નાયડુ કિંજરાપુએ કહ્યું કે અમદાવાદ વિમાન દુર્ઘટના અંગે વિમાન અકસ્માત તપાસ સંસ્થા - AAIB ના પ્રારંભિક અહેવાલના આધારે કોઈ નિષ્કર્ષ પર પહોંચવું ઉચિત નથી. અંતિમ અહેવાલ ન આવે ત્યાં સુધી કોઈ ટિપ્પણી કરવી યોગ્ય નથી.

તેમણે પશ્ચિમી મીડિયાની ટીકા કરી અને કહ્યું કે તેઓ જે પ્રકારના લેખો પ્રકાશિત કરવાનો પ્રયાસ કરી રહ્યા છે તેમાં તેમનો સ્વાર્થ હોઈ શકે છે. તેમણે ભારતમાં જ બ્લેક બોક્સને ડીકોડ કરવા બદલ AAIBની પ્રશંસા કરી.

શ્રી નાયડુએ કહ્યું કે દેશના દસ મુખ્ય શહેરો માટે સીધી હવાઈ સેવાઓ આજથી હિંડોન ટર્મિનલથી શરૂ થઈ ગઈ છે. જેમાં અમદાવાદ સહિત 10 શહેરોનો સમાવેશ થાય છે.

............................

# BRIDGE INSPECTION - DISTRICTS

રાજ્યના વિવિધ જિલ્લામાં આજે  પ્રભારી સચિવો દ્વારા  માર્ગ, મકાન અને પુલોનું નિરીક્ષણ કરાયું.

જામનગરમાં પ્રભારી સચિવ અનુપમ આનંદ દ્વારકા રોડ પરના ઓવરબ્રિજ અને મોખાણા ખાતે નાગમતી નદી પરના મેજર બ્રિજની મુલાકાત લઈ ઝીણવટભર્યું નિરીક્ષણ કર્યું હતું. તેમણે બ્રિજનું સ્ટ્રક્ચર અને ગુણવત્તા સંબંધિત વિગતો અંગે માહિતી મેળવી જરૂરી સૂચનો કરીને સંબંધિત અધિકારીઓને માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.

વલસાડ જિલ્લાનાં તમામ બ્રિજ અને રસ્તાનાં સ્ટ્રકચરની ચકાસણી માટે જિલ્લા પ્રભારીની અધ્યક્ષતામાં બેઠક યોજાઈ. બેઠક બાદ પ્રભારી સચિવ રેમ્યા મોહને વધુ માહિતી આપી.

(બાઈટ – રેમ્યા મોહન)

કચ્છના પ્રભારી સચિવ હર્ષદ પટેલે જિલ્લામાં ચાલી રહેલી રોડ રસ્તાની મરામતની કામગીરી અંગે સમીક્ષા કરી ભયજનક પુલ ખુલ્લો ન રહે તે માટે માર્ગદર્શન આપ્યું હતું.

ડાંગ જિલ્લાના પ્રભારી સચિવ   જયપ્રકાશ શિવહરેએ જિલ્લા માર્ગ , મકાન, અને પુલોની સ્થિતિ અંગે તાગ મેળવ્યો  હતો. તેમણે  જિલ્લા અધિકારીઓને જર્જરીત માર્ગો , મકાનો, અને પુલોને અલાયદા તારવી તેની સમયસર મરામત કામગીરી હાથ ધરવા માટેની કાર્યપદ્ધતિ અપનાવવાની હિમાયત કરી હતી.

. . . . . . . .

# RUSHIKESH-COURT

કાયદા મંત્રી ઋષિકેશ પટેલે જણાવ્યુ , રાજ્ય સરકાર દરેક તાલુકા મથકે અદ્યતન સુવિધાઓથી સજ્જ અદાલત બનાવવા માટે કટિબદ્ધ છે. પંચમહાલ જિલ્લાના કાલોલ ખાતે નવનિર્મિત ન્યાય મંદિર અને અદાલત સંકુલનાં લોકાર્પણ પ્રસંગે શ્રી પટેલે આ મુજબ જણાવ્યુ હતું. તેમણે ઉમેર્યું કે ન્યાયાધીશો , વકીલો અને અસીલો માટે આ પરિસર સાનુકૂળ વાતાવરણ પૂરું પાડશે.

(બાઇટ : ઋષિકેશ પટેલ, કાયદા મંત્રી )

૪ કરોડ રૂપિયાથી વધુનાં ખર્ચે નિર્માણ કરાયેલા આ ન્યાય મંદિરના લોકાર્પણ પ્રસંગે વડી અદાલતના ન્યાયધીશ જે.સી.દોશી પણ ઉપસ્થિત રહ્યા હતા.

. . . . .

# TOLMAP TANTRA DARODA

તોલમાપ તંત્રએ બે દિવસની વિશેષ ઝુંબેશમાં સમગ્ર રાજ્યના 267 પેટ્રોલ-ડીઝલ પંપ પર દરોડા પાડ્યા. જેમાં 16 જેટલા પેટ્રોલ-ડિઝલ પંપ પર ગેરરીતિ જણાતાં કાયદેસરની કાર્યવાહી કરીને દંડ વસૂલ્યો છે. તોલમાપ તંત્રની યાદીમાં જણાવ્યા મુજબ 18 અને 19 જુલાઈના રોજ રાજ્યવ્યાપી બે દિવસની વિશેષ ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી. જે અંતર્ગત વિવિધ શહેરો- ધોરીમાર્ગ પર આવેલા પેટ્રોલ-ડિઝલ પંપ ઉપર દરોડા પાડવામાં આવ્યા. જેમાં અમદાવાદ જિલ્લામાં -3, પંચમહાલમાં-2 તેમજ વડોદરા, સુરત, કચ્છ, ગીર સોમનાથ, અમરેલી, ભાવનગર, બોટાદ, સુરેન્દ્રનગર, મહેસાણા, હિંમતનગર- સાબરકાંઠા અને મોરબી જિલ્લામાં 1-1 એમ કુલ 16 પેટ્રોલ અને ડીઝલ પંપ પર સ્થળ તપાસ કરવામાં આવી હતી.

દરોડા દરમિયાન પેટ્રોલ-ડીઝલ પંપોમાં ડિલિવરી તપાસવા જરૂરી સ્ટાન્ડર્ડ કેપેસિટી મેજર ન રાખવું , કેપેસિટી મેજર ફેરચકાસણી કે મુદ્રાકન ન કરાવવું , ડિસ્પેંસિગ યુનિટનું ફેર ચકાસણી કે મુદ્રાકન ન કરાવવું , ખરાઇ પ્રમાણપત્ર પ્રદર્શિત ન કરવું જેવી ગેરરીતિઓ સામે આવી હતી.

. . . . . . . . .

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

..............

# SURAT CR PATIL

કેન્દ્રીય મંત્રી સી.આર.પાટીલે આજે સુરત મહાનગરપાલિકાની સાત પ્રાથમિક શાળાનું ખાતમુહૂર્ત કર્યું. આ પ્રસંગે તેમણે કહ્યું હતું કે નગર પ્રાથમિક શિક્ષણ સમિતિની શાળામાં આધુનિક ટેક્નોલૉજી સાથેનો અભ્યાસ શરૂ થતાં વિદ્યાર્થીઓ ખાનગી શાળામાંથી નગરપ્રાથમિક શાળામાં આવી રહ્યા છે.

(બાઇટ: સી.આર.પાટીલ, કેન્દ્રીય મંત્રી)

. . . . . . . . .

# GUJARAT RAIN

રાજ્યમાં આજે 106 તાલુકામાં વરસાદ નોંધાયો છે. જેમાં જૂનાગઢનાં માંગરોળમાં સૌથી વધુ સાડા ત્રણ ઇંચ વરસાદ પડ્યો છે. જ્યારે જામનગરના જોડિયામાં ત્રણ ઇંચ વરસાદ ખાબક્યો છે. જુનાગઢ શહેરમાં પણ અઢી ઇંચ વરસાદ નોંધાયો છે. રાજ્યમાં અત્યાર સુધી મોસમનો 52 ટકાથી વધુ વરસાદ વરસી ચૂક્યો છે.

જળાશયોની સ્થિતિની વાત કરવામાં આવે તો રાજ્યના 44 જળાશય હાઇએલર્ટ પર જ્યારે 19 એલર્ટ પર છે. મોરબી તાલુકાનો ઘોડોધ્રોઈ ડેમ ઓવરફ્લો થતાં ડેમનો એક દરવાજો 1 ફૂટ સુધી ખોલવામાં આવ્યો છે. ત્યારે નિચાણવાળા વિસ્તારમાં આવતા લોકોને એલર્ટ રહેવા તાકીદ કરવામાં આવી છે.

મહેસાણા જિલ્લામાં આવેલો ધરોઈ બંધ 75 ટકા ભરાતા 4 જિલ્લાના તંત્રને એલર્ટ કરવામાં આવ્યા છે. રાજ્યમાં વરસાદ કારણે હાલ 31 માર્ગ બંધ કરવામાં આવ્યા છે.

. . . . . . . . .

# WEATHER FORECAST

રાજયમાં આગામી સાત દિવસ દરમિયાન હળવાથી મધ્યમ વરસાદની આગાહી છે. આજે પોરબંદર , જુનાગઢ, દેવભૂમિ દ્વારકા અને જામનગરમાં ભારેથી અતિ ભારે વરસાદની આગાહી સાથે ઓરેન્જ એલર્ટ જાહેર કરાયું છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર 26 જુલાઈ સુધી રાજ્યમાં સાર્વત્રિક રીતે છૂટાછવાયા સ્થળોએ હળવાથી મધ્યમ વરસાદ પડી શકે છે. દરમિયાન પવનની ઝડપ 30 થી 40 કિલોમીટર પ્રતિ કલાક રહેવાની શક્યતા છે.

રાજ્યના વિવિધ શહેરોમાં નોંધાયેલા તાપમાનની વાત કરીએ તો , ગત 24 કલાકમાં અમદાવાદમાં મહત્તમ તાપમાન 31.4 ડિગ્રી સેલ્સિયસ રહ્યું હતું. જ્યારે ગાંધીનગરમાં 31.2, ડીસામાં 27.6 ,વડોદરામાં 34.8, દ્વારકામાં 30 અને રાજકોટમાં 31.6 ડિગ્રી સેલ્સિયસ જેટલું મહત્તમ તાપમાન નોંધાયું હતું.

. . . . .

# BHAVNAGAR ACCIDENT

ભાવનગરમાં અલમપુર ગામ નજીક પાસે ટ્રક અને બાઇક વચ્ચે અકસ્માત થતાં બેનાં મોત થયા છે. અમારા પ્રતિનિધિ સુરેશ ત્રિવેદી જણાવે છે કે સાયલા તાલુકાના નવાગામ ખાતે રહેતા કાકા ભત્રીજા બાઇક પર પાળીયાદથી રાણપુર તરફ જઈ રહ્યા હતા. તે દરમિયાન અલપમપુર ગામના પાટીયા પાસે ટ્રક સાથે અકસ્માત થયો હતો. જેમાં બંને ગંભીર ઇજા થતા હોસ્પિટલે ખસેડવામાં આવ્યા હતા. જ્યાં બંનેમાં મોત નિપજ્યા હતા. આ ઘટનાના પગલે પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

. . . . .

# FOOTBALL TOURNAMENT

ગુજરાત સ્ટેટ ફૂટબોલ એસોશિએશન દ્વારા અંડર 14 ગર્લ્સ ફૂટબોલ ટૂર્નામેન્ટ મહેસાણાના વડનગર ખાતે આજથી શરૂ થઈ છે. આજે પ્રથમ દિવસે રમાયેલા મુકાબલામાં રાજકોટની ટીમે પાટણને , જામનગરે કચ્છને, અમદાવાદે ભાવનગરને અને બનાસકાંઠાની ટીમે બોટાદની ટીમો હરાવી હતી.

આ ટૂર્નામેન્ટ 24 જુલાઇ સુધી ચાલશે , જેમાં રાજ્યના 12 જિલ્લાની ટીમોએ ભાગ લીધો છે. બધા જિલ્લાને 4 જૂથમાં વહેચવામાંવ આવ્યા છે. 4 જૂથની ટોપ ટીમો વચ્ચે સેમી ફાઇનલ મેચ અને ત્યારબાદ ફાઇનલ મેચ રમાશે. રાજ્યની રાષ્ટ્રીય સ્તરની ફૂટબોલ ટીમની પસંદગી પણ આ ટૂર્નામેન્ટમાંથી કરાશે.

. . . . . .

# DANG –CRIME CONFERENCE

રાજ્યના પોલીસ વડા  વિકાસ સહાયની અધ્યક્ષતામાં ડાંગના સાપુતારા ખાતે ક્રાઇમ કોન્ફરન્સ યોજાઇ હતી. આ માસિક સમીક્ષા બેઠકમાં રાજ્યના  9 રેંજ આઇજી, 4 પોલીસ કમિશનર તેમજ રેલવે વિભાગના અધિકારી ઉપસ્થિત રહ્યા હતા. જેમાં વિવિધ વિભાગોની જાન્યુઆરીથી જૂન મહિના સુધીની કામગીરીની સમીક્ષા કરાઇ હતી.આ ઉપરાંત માર્ગ અકસ્માતને લગતી યોજના અંગે પણ ચર્ચા કરાઇ.કોન્ફરન્સ બાદ એક પેડ માં કે નામ અંતર્ગત અધિકારીઓએ વૃક્ષારોપણ કર્યું હતું.

. . .

# AMDAVAD CIVIL-CHILD SURGERY

અમદાવાદની સિવિલ હોસ્પિટલમાં તબીબોએ 2 વર્ષના બાળકની શ્વાસનળીમાંથી સોપારીનો ટુકડો બહાર કાઢી જીવ બચાવ્યો છે. ટીબીથી અસરગ્રસ્ત આ બાળકને સતત ઉધરસ અને તેની તબીયત વધુ ખરાબ થતાં તેને સારવાર અર્થે હોસ્પિટલમાં લવાયો હતો. જ્યાં છાતીના એક્સ-રે માં શ્વસનમાર્ગમાં કોઇ વસ્તુ ફસાઈ ગઇ હોવાનુ માલુમ પડતાં સિવિલ હોસ્પીટલમાં બાળકની નિ :શુલ્ક સર્જરી કરાઇ હતી.

પીડીયાટ્રીક સર્જન દ્વારા સમયસર નિદાન અને નિષ્ણાત સારવારનો આ કેસ એક ઉતમ ઉદાહરણ હોવાનું સિવિલ હોસ્પિટલના સુપ્રીટેંડેંટ રાકેશ જોશીએ જણાવ્યુ હતું.

. . . . . .